RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 15, Issue : 183, Dt.17-10-2024 Thursday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# રાજકોટ સહિત ગુજરાતના સાત શહેરોમાં EDના દરોડા


## ૨૦૦ બનાવટી કંપનીઓ ખોલી કરોડ રૂપિયાની ટેક્સ ચોરી મામલે ૨૩ સ્થળોએ ઈડી નું સર્ચ ઓપરેશન શરૂ: રાજકોટ, અમદાવાદ, ભાવનગર, જૂનાગઢ, વેરાવળ, સુરત અને કોડીનારમાં EDની ટીમ ત્રાટકી

**મુખ્ય સમાચાર, અમદાવાદ**

નકલી કંપનીઓ ખોલીને કરોડોની ટેક્સ ચોરી આચરવામાં આવતી હોવાના મામલે હવે EDએ એન્ટ્રી મારી છે. ગુજરાતના સાત શહેરોમાં ૨૩ સ્થળોએ EDસુપર ઓપરેશન આદર્યું છે. EDને આ કેસમાં નવેસરથી ફરિયાદ દાખલ કરી દરોડા પાડવાનું શરૂ કરી દીધું છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ગુજરાતના અમદાવાદ, ભાવનગર, જૂનાગઢ, રાજકોટ, સુરત, વેરાવળ અને કોડીનાર સહિત ૭ શહેરોના ૨૩ સ્થળોએ ઈડીની ટીમ ત્રાટકી છે. ૨૦૦ થી વધુ ડુપ્લીકેટ કંપનીઓ ખોલીને કરોડોની ટેક્સ ચોરીના કેસમાં અમદાવાદ પોલીસના સપાટા બાદ હવે કેન્દ્રીય એજન્સી ત્રાટકી છે. આ કેસમાં એક પત્રકાર સહિત અનેક આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે.

અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચની ટીમે જીએસટીની ફરિયાદના આધારે રાજ્યમાં વિવિધ ૧૪ જગ્યાએ દરોડા પાડ્યા હતા. અમદાવાદ, જૂનાગઢ, સુરત, ખેડા, ભાવનગર સહિતના સ્થળોએ અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચને રેડ દરમિયાન મહત્વના દસ્તાવેજો મળી આવ્યા છે. જેમાં ૨૦૦ જેટલી ડુપ્લીકેટ કંપનીઓ બનાવીને કરોડોની ટેક્સ ચોરી આચરવામાં આવતી હોવાનો ખુલાસો થયો હતો. આ કેસમાં એક પત્રકાર સહિત ચાર લોકોની ધરપકડ કરવામાં આવી હતી. આ ઉપરાંત જેમાં કુલ ૧૨ બોગસ પેઢીઓ બનાવનાર ૩૩થી વધુ સંચાલકોની અટકાયત કરાઈ છે.



કાયદાકીય રીતે ED પાસે નાણાં જપ્ત કરવાનો અધિકાર છે, પરંતુ તે વસૂલ કરાયેલી રોકડ પોતાની પાસે રાખી શકતું નથી. પ્રોટોકોલ પ્રમાણે, જ્યારે પણ એજન્સી રોકડ જપ્ત કરે છે, ત્યારે આરોપીને તે ક્યાથી આવ્યા તેના વિશે પૂછવામાં આવે છે. જો આરોપી તેનો સ્રોત જાહેર નથી કરતો અથવા ED તેના જવાબોથી સંતુષ્ટ ન હોય તો તેને પબિનહિસાબી રોકડથ અથવા પઅયોગ્ય રીતે મેળવેલ નાણાંથ ગણવામાં આવે છે.

આ બિનહિસાબી રોકડ PMLA હેઠળ રોકડ જપ્ત કરવામાં આવે છે. ત્યાર પછી ED નોટ ગણવા માટે SBIની ટીમને બોલાવે છે. મશીન દ્વારા નોટોની ગણતરી કરવામાં આવે છે. પછી EDની ટીમ દ્વારા SBI અધિકારીઓની હાજરીમાં જપ્તી મેમો તૈયાર કરવામાં આવે છે. જેમા કુલ કેટલી રોકડ જપ્ત કરવામાં આવી? કયા ચલણમાં કેટલી નોટો છે? આ બધુ જ સીઝર મેમોમાં નોંધ કરવામાં આવે છે. પછી તેને સાક્ષીઓની હાજરીમાં બોક્સમાં સીલ કરવામાં આવે છે.

સીલ કર્યા પછી જપ્ત કરાયેલી રોકડ SBI શાખામાં જમા કરવામાં આવે છે. આ તમામ રકમ EDના પર્સનલ ડિપોઝિટ (PD) ખાતામાં જમા કરવામાં આવે છે. ત્યાર બાદ આ રોકડ કેન્દ્ર સરકારની તિજોરીમાં જમા થાય છે.જપ્ત કરાયેલી રકમનું ન તો ED ઉપયોગ કરી શકે છે, ન તો બેંકો કે ન તો સરકાર આ રોકડનો ઉપયોગ કરી શકે છે. જપ્તી પછી ED એટેચમેન્ટ ઓર્ડર તૈયાર કરવામાં આવે છે, અને સંબંધિત અધિકારીએ છ મહિનામાં જપ્તીની પુષ્ટિ કરવાની હોય છે. જપ્તીની પુષ્ટિ થઈ ગયા પછી અને ટ્રાયલ પૂર્ણ ન થાય ત્યાં સુધી આ રકમ બેંકમાં જમા રહે છે. આ સમયગાળા દરમિયાન કોઈ પણ વ્યક્તિ આ રકમનો ઉપયોગ કરી શકતું નથી. પરંતુ જો આરોપી દોષિત ઠરે તો તમામ પૈસા કેન્દ્ર સરકારની મિલકત બની જાય છે. અને જો આરોપી નિર્દોષ છૂટે તો તેને તમામ પૈસા પરત કરવામાં આવે છે.

# દિવાળી પહેલા દિલ્હીની હવા ફરી ઝેરી બનતા ચેતવણી અપાઈ

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**



દિવાળી પહેલા દિલ્હીની હવા ઝેરીલી બની રહી છે. બુધવારે (૧૬મી ઓક્ટોબર) એર ક્વોલિટી ફરી એકવાર ગંભીર શ્રેણીમાં પહોંચી ગઈ છે. દિલ્હી-એનસીઆરની હવામાં સ્ટબલ મિક્સિંગના ધુમાડાને કારણે સર્વત્ર ધુમ્મસ છે. દિલ્હી અને નોઈડાના આકાશમાં ધુમાડો દેખાઈ રહ્યો છે. આ ઝેરી હવામાં શ્વાસ લેવો મુશ્કેલ બની રહ્યો છે. પ્રદૂષણના મામલે ટોપ ૧૦ શહેરોની વાત કરીએ તો ઉત્તર પ્રદેશનું મુઝફ્ફરનગર પહેલા નંબર પર છે. જ્યારે દિલ્હી ખરાબ હવાની ગુણવત્તા સાથે આ યાદીમાં ચોથા સ્થાને છે. જ્યારે ગ્રેટર નોઈડા છઠ્ઠા અને નોઈડા સાતમા ક્રમે છે.

દિલ્હીનું આલીપુર અત્યાર સુધીના સૌથી પ્રદૂષિત વિસ્તાર તરીકે નોંધાયું છે. અહીં એર ક્વોલિટી ૩૮૮ નોંધવામાં આવી છે. જ્યારે દ્વારકા સેક્ટર-૮માં આજે અચઈ ૩૩૯ નોંધાયો છે. આનંદ વિહારની હવા પણ છેલ્લા ઘણાં દિવસોથી ખરાબ છે.દિલ્હીમાં એર ક્વોલિટી એટલી ખરાબ થઈ ગઈ છે કે GRP-૧ લાગુ કરવામાં આવી છે. પંજાબ અને હરિયાણામાં પરાળ સળગાવવાને કારણે દિલ્હી અને નોઈડાની હવા ઝેરી થઈ રહી છે, લોકોને માસ્ક વિના ન ફરવા ચેતવણી અપાઈ છે.

# ૧૦ વર્ષ બાદ સંબંધો સુધારવા ભારત – પાક એક ડગ આગળ વધશે!

**મુખ્ય સમાચાર, ઈસ્લામાબાદ**

કેન્દ્રીય વિદેશમંત્રી એસ.જયશંકરની ૨૪ કલાકની ઈસ્લામાબાદ મુલાકાત છેલ્લા ૧૦ વર્ષથી ઠંડા બકસામાં ધકેલાઈ ગયેલા ભારત-પાકિસ્તાનના સંબંધોમાં નવો વળાંક લાવી શકે છે.શાંધાઈ કોર્પોરેશન ઓર્ગેનાઈઝેશનની બેઠકમાં ઈસ્લામાબાદ ગયેલા શ્રી એસ.જયશંકરે અગાઉ જ સ્પષ્ટતા કરી હતી કે તેઓ કોઈ દ્વીપક્ષી મંત્રણા માટે જતા નથી અને બન્ને દેશો વચ્ચે કોઈ સીધી વાતચીત થશે નહી. હજુ ગઈકાલે જ તેઓએ નવિશ્વાસથનું વાતાવરણ જરૂરી હોવાનું દર્શાવીને એક એવો સંદેશ પણ મોકલી આપ્યો હતો કે ત્રાસવાદ અને સંવાદ બંને સાથે સાથે ચાલી શકશે નહી.

પરંતુ ટાઈમ્સ ઓફ ઈન્ડીયા એક ખાસ રિપોર્ટ મુજબ બન્ને દેશો વચ્ચેના સંબંધોમાં એક ડગલું આગળ વધવા તૈયારી છે. ૯ વર્ષ બાદ ભારતના કોઈ વિદેશ મંત્રીએ પાકિસ્તાનની મુલાકાત લીધી હતી. શ્રી જયશંકરે પરત આવતા સમયે એવો સંકેત આપ્યો હતો કે જયાં સુધી ભારત-પાક સંબંધોની બાબત છે તો પાક તરફથી હકારાત્મક કે નકારાત્મક જે કંઈ સંકેત આવશે.તો તેનો તે જ રીતે જવાબ અપાશે. શ્રી જયશંકરે તેમની મહેમાનગતી બદલ પાકના વિદેશમંત્રીનો પણ આભાર માન્યો હતો. સૂત્રોના જણાવ્યા મુજબ બન્ને દેશોના વિદેશમંત્રીઓ વચ્ચે કોઈ સીધી વાતચીત થઈ નથી પરંતુ વિદેશમંત્રી એસ.જયશંકર અને પાક વિદેશમંત્રી ઈશાક દાર વચ્ચે પથી૭ મીનીટની ચર્ચા થઈ હતી.આ આયોજન માટે પહોંચેલા વિદેશી મહેમાનો માટે પાક વડાપ્રધાન શાહબાઝ શરીફ એ જે ડીનર યોજયું હતું. તે સમયે બન્ને વિદેશમંત્રીઓએ થોડી મીનીટ અલગથી વાતચીત કરી અને તેમાં પાક ક્રિકેટ બોર્ડના મોહસીન નકવી પણ જોડાયા હતા. સૂત્રોના જણાવ્યા મુજબ પાક તરફથી બન્ને દેશો વચ્ચે ક્રિકેટના સંબંધો ફરી શરૂ થાય તે માટે આગ્રહ રાખવામાં આવ્યો હતો. ખાસ કરીને ચેમ્પીયન ટ્રોફી રમવા ભારતની ટીમ પાકિસ્તાન આવે તે માટે પાકે



ખાસ આગ્રહ રાખ્યો હતો. પાક માટે ચેમ્પીયન ટ્રોફીની યજમાની ભારતની ટીમ આ દેશનો પ્રવાસ ન કરે તો સ્પર્ધાનો ચાર્મ રહે નહી તે નિશ્ચિત છે. જો કે જયશંકરે જાહેરમાં પાકને અનેક વખત લતાડયુ છે અને ગઈકાલે પણ સ્પષ્ટ સંદેશ આપી દીધો હતો. પરંતુ જે રીતે લંચ-ડીનર બેઠકોમાં દ્રશ્યો જોવા મળ્યા તે સૂચક છે. ગઈકાલે લંચ સમયે પણ બન્ને વિદેશમંત્રીઓની બેઠક વચ્ચે અંતર હતું પણ અંતિમ ઘડીએ બન્ને બાજુ બાજુમાં બેઠા હતા અને વાતચીત કરતા હતા.

# ટ્રુડોનુ જુઠ પકડાઈ ગયું : ભારતનું કેનેડિયન PM પર આક્રમણ

## બન્ને દેશોના સંબંધો બગડ્યા તેના માટે હવે ટ્રુડો જ જવાબદાર : વિદેશ મંત્રાલય

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

કેનેડા સ્થિત ખાલીસ્તાની નેતા હરદીપસિંહ નિજજરની હત્યામાં ભારતની સંડોવણીના આક્ષેપો કરીને ખુદની જાળમાં ફસાઈ ગયેલા કેનેડાના વડાપ્રધાન જસ્ટીન ટ્રુડો સામે ભારતે હવે ડિપ્લોમેટીક આક્રમણ વધારી દીધુ છે અને સમગ્ર વિવાદ માટે ટ્રુડો જ જવાબદાર હોવાનું સ્પષ્ટ જણાવી અમેરિકા સહિતના દેશોને પણ સંદેશ મોકલી આપ્યા છે.

ટ્રુડોએ ખુદે કબુલ્યુ કે, હજુ સુધી નિજજરની હત્યામાં ભારતની સંડોવણી મુદે કોઈ મજબૂત પુરાવા ભારતને સોપાયા નથી. આ અગાઉ કેનેડા અને ટ્રુડોએ ભારત પર બેફામ આક્ષેપો કર્યા હતા અને અમેરિકાએ પણ તે માની લીધા હતા પણ હવે ટ્રુડોની કબુલાત તેના માટે જ મુશ્કેલી સાધી છે અને વિદેશ મંત્રાલયે વળતા પ્રહારમાં જણાવ્યું છે કે કેનેડા વડાપ્રધાન ખુદ સ્વીકારે છે કે કોઈ મજબૂત પુરાવા અપાયા નથી.

તેથી ભારત – કેનેડાના સંબંધોમાં જે તનાવ છે અને જે નુકશાન થઈ રહ્યું છે તેના માટે ખુદ ટ્રુડો જ જવાબદાર છે. ભારતે આરોપ મુકયો કે ટ્રુડો ઘરઆંગણાની મુશ્કેલીઓથી ઘેરાયેલ છે તેથી હવે આ મુદાને રાજકીય હથિયાર બનાવીને ઉપયોગ કરવા માંગે છે.

ખુદ ટ્રુડોએ ગઈકાલે કેનેડાની એક સંસદીય સમીત જે દેશમાં ચુંટણી સહિતના સમયે વિદેશી દરમ્યાનગીરી અંગે તપાસ કરી રહી છે તેની સમક્ષ ટ્રુડોએ કબુલ કર્યુ હતું કે, નિજજરની હત્યા મુદે સરકાર પાસે ભારતની સંડોવણીના સીધા પુરાવા ભારતને અપાયા નથી.

આમ કેનેડા સરકાર હાલમાં જ ગોળીબાર કરતી હતી તે સાબીત થયુ છે અને કેનેડા પાસે ભારતની સંડોવણી અંગે કોઈ મજબૂત પુરાવા જ નથી. ફકત ગુપ્તચર માહિતી હતી અને ભારત તેમાં મદદ કરે તેવી ઈચ્છા હતી.

આ અંગે વિદેશ મંત્રાલયના પ્રવકતા રણધીર જાયસ્વાલે વળતા પ્રહારમાં કહ્યું છે. ખુદ કેનેડાના વડાપ્રધાને સ્વીકારીને બન્ને દેશોના સંબંધોને તેઓએ જ નુકસાન પહોંચાડયું હતું તે સ્વીકાર્યુ છે અને તેની હવે જવાબદારી ટ્રુડોની જ છે. નિજજર હત્યા કેસમાં કેનેડાની તપાસને ભારત સહકાર આપતુ નથી તેવા અમેરીકાનાં આક્ષેપો તો હવે ખુદ કેનેડીયન વડાપ્રધાનને જ ખોટા ઠરાવી દીધા છે. તો વધુ એક



ખાલીસ્તાની નેતા ગુરૂપતવંતસિંહ પન્નુનાં હત્યાના કહેવાતા ષડયંત્રમાં પણ હવે, અમેરીકાએ સ્વીકાર્યુ છે.

આ ષડયંત્રમાં જે આરોપીઓ તેને ભારત સરકાર સાથે કંઈ લાગતુ વળગતુ નથી અને તે ભારત સરકારનો કોઈ કર્મચારી પણ નથી. પન્નુના વિવાદમાં ભારતની એક ટીમ વોર્કશાયર પહોંચી હતી.

તેઓએ અમારીકી અધિકારીઓ સાથે બેઠક કર્યા બાદ અમેરીકાના વિદેશ વિભાગનાં પ્રવકતા મેથ્યુ મિલરે પત્રકારો સાથેની વાતચીતમાં ભારતના જવાબથી સંતોષ થયો છે.

આ મુલાકાત ફળદાયી નિવડી છે અને જેના પર આ ષડયંત્રનો આરોપ છે તે ભારત સરકારનો કર્મચારી નથી. હવે આ માહીતી અમેરીકી ન્યાય વિભાગમાં પણ મુકાશે જોકે હજુ પ્રક્રિયા ચાલુ હોવાનું આ અમેરીકી પ્રવકતાએ કહયું હતું.

# 'બાળકની સામે શારીરિક સંબંધ બાંધવો એ બાળકની જાતીય સતામણી ગણાય' : કેરળ હાઈકોર્ટની ટિપ્પણી

**મુખ્ય સમાચાર, પટણા**

કેરળ હાઈકોર્ટે કહ્યું કે, સગીર વ્યક્તિની સામે સેક્સ કરવું અથવા તેના સામે નગ્ન શરીરને ઉજાગર કરવું એ બાળકનું જાતીય શોષણ છે અને પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેક્સ્યુઅલ ઓફેન્સ એક્ટ (POCSO) હેઠળ સજાપાત્ર ગુનો છે. જસ્ટિસ એ.બદરુદ્દીને IPC, POCSO અને જુવેનાઈલ જસ્ટિસ એક્ટ હેઠળ વિવિધ ગુનાઓ માટે તેમની સામે નોંધાયેલા કેસને રદ કરવાની માંગ કરતી એક વ્યક્તિની અરજી પર ચુકાદો આપ્યો હતો.આ વ્યક્તિ પર આરોપ છે કે, તેણે એક સગીરની માતા સાથે લોજમાં રૂમને તાળું માર્યા વિના સેક્સ કર્યું હતું અને જ્યારે બાળકે તેને જોયું અને તેના વિશે પૂછ્યું ત્યારે તેને માર માર્યો હતો.




આરોપી – અરજીકર્તાએ કહ્યું હતું કે, તેની સામે કાયદા હેઠળ કોઈ ગુનો નોંધાયો નથી. હાઈકોર્ટે જણાવ્યું હતું કે, જ્યારે કોઈ વ્યક્તિ બાળકને પોતાનું નગ્ન શરીર બતાવે છે, ત્યારે તે બાળક પર જાતીય હુમલો કરવાના ઈરાદા સમાન છે. તેથી, POCSO એ કાયદાની કલમ ૧૧(૧) (જાતીય સતામણી) અને ૧૨ (જાતીય સતામણી માટે સજા) હેઠળ સજાપાત્ર ગુનો છે. કોર્ટે કહ્યું કે, આ કેસમાં આરોપ એ છે કે, આરોપી વ્યક્તિએ રૂમ બંધ કર્યા વગર નગ્ન અવસ્થામાં શારીરિક સંબંધ બાંધ્યો હતો અને સગીરને રૂમમાં પ્રવેશવા દીધો હતો, જેથી સગીર તેને જોઈ શકે. આમ, પ્રથમ દૃષ્ટિએ, આ કેસમાં અરજદાર પર POCSO એક્ટની કલમ ૧૧(૧) સાથે કલમ ૧૨ હેઠળ શિક્ષાપાત્ર ગુનાનો આરોપ મૂકવામાં આવ્યો છે. વ્યક્તિએ કથિત રીતે બાળકને માર માર્યો હતો અને સગીર માતાએ તેને રોકવાનો પ્રયાસ કર્યો ન હતો.

# ભારત માતા કી જય બોલશો તો જ જામીન મળશે: મદયપ્રદેશ હાઈકોર્ટેનો ચુકાદો

## પોલીસ ચોકીએ જઈને રાષ્ટ્રધ્વજને સલામી પણ આપવી પડશે

**મુખ્ય સમાચાર,ભોપાલ**

દેશમાં એક સર્વપ્રથમ રસપ્રદ ચુકાદામાં નપાકિસ્તાન-જીંદાબાદથનો નારો લગાવનારા એક વ્યક્તિને મધ્યપ્રદેશ હાઈકોર્ટે જામીન માટે અનોખી શરત રાખી હતી. ક્રિમીનલ બેકગ્રાઉન્ડ ધરાવતા એક વ્યક્તિ ફૈરલ ઉર્ફે ફેઝાન એ ૧૭ મે ૨૦૨૪ના કોઈપણ કારણોસર પાકિસ્તાન જીંદાબાદ-હિંદુસ્તાન મુર્દાબાદના નારા લગાવ્યા હતા.

પોલીસે તેની સામે દુશ્મનાવટનું વાતાવરણ સર્જાવ સહિતના આરોપ સર કેસ દાખલ કર્યો હતો તેની જામીન અરજી નકારાયા બાદ હાઈકોર્ટમાં રીટ કરી હતી. ફેઝલના ધારાશાસ્ત્રીએ સ્વીકાર્યુ કે તેના અસીલે આ પ્રકારે સૂત્રો પોકાર્યા હતા.તેણે અદાલત જે શરતો સાથે જામીન આપે તે સ્વીકારવા તૈયારી દર્શાવી હતી. બાદમાં હાઈકોર્ટે ફેઝલને એક રસપ્રદ અને અનોખી શરતો સાથે જામીન મંજુર કર્યા હતા જેમાં તેણે જે પોલીસ સ્ટેશનમાં તેની સામે કેસ નોંધાયો હતો.તે પોલીસ સ્ટેશને દરેક મહિનાના પ્રથમ અને ચોથા મંગળવારે હાજરી પુરાવવા જવાની સાથે ત્યાં ફરકતા રાષ્ટ્રધ્વજને ૨૧ વખત સલામી આપવાની સાથે ભારત માતા કી જય નો નાદ પણ કરવાનો રહેશે.




તેની ટ્રાયલ પુરી થાય નહી ત્યાં સુધી તેને આ નસજાથ ભોગવવાની રહેશે. જો કે ન્યાયમૂર્તિ ડી.કે.પારીયાલએ કેસના મેરીટ પર જવાનો ઈન્કાર કરીને હાલ ટ્રાયલ કોર્ટ પર છોડયુ હતું. સરકાર તરફથી રજુઆત થઈ હતી કે ફેઝલ ગુન્હાહીત રેકોર્ડ ધરાવે છે અને હવે તેનો નવો જન્મ થયો છે અને જયાં મોટા થયા છે.

તે દેશની વિરુદ્ધ જ સૂત્રોચ્ચાર કર્યા છે. અદાલત સમક્ષ તે પાક ઝીન્દાબાદ અને હિન્દુસ્તાન મુર્દાબાદના નારા લગાવતો હોય તેવો વિડીયો પણ રજુ થયો હતો. અદાલતે આ શરતો ઉપરાંત તેને રૂા.૫૦૦૦૦ના જાતમુચરકા અને તેટલી જ રકમના જામીન આપવા સાથે જામીન પર છોડયો હતો.

# પ્રવાસીનાં સામાનની ચોરી માટે રેલ્વે જવાબદાર: મુસાફરને રૂા.૪.૭ લાખના વળતરનો આદેશ

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

રેલવે ટ્રેનમાંથી મુસાફરોનાં સામાનની ચોરી થાય તો જવાબદારી રેલવેની બનતી હોવાનો ચુકાદો રાષ્ટ્રીય ગ્રાહક તકરાર નિવારણ પંચે આપ્યો છે. મુસાફરને રૂા.૪.૭ લાખનું વળતર ચુકવવાનો હુકમ કર્યો હતો.

મે ૨૦૧૭ માં અમરકંટક એકસપ્રેસમાં દુર્ગ સ્થિત દિલીપ ચતુર્વેદીએ મુસાફરી કરી હતી. ટ્રેનમાંથી ૯.૩ લાખની કિંમતનો સામાન ચોરાઈ ગયો હતો. આ અંગે રેલવે પોલીસમાં ફરીયાદ નોંધાવી હતી. તેઓએ ગ્રાહક પંચમાં પણ વળતર માટે દાવો કર્યો હતો. ગ્રાહક પંચે વળતર આપવાનો ચુકાદો આપ્યો હતો.

રેલવેએ આ આદેશને રાજય ગ્રાહક પંચમાં પડકારતા દુર્ગ જીલ્લાના ગ્રાહક પંચનાં આદેશને રદ કરાયો હતો તે સામે ફરિયાદીએ રાષ્ટ્રીય પંચમાં રિવીઝન અરજી કરી હતી.

રીઝવર્ડ કોચમાં બહારની વ્યકિતઓનો પ્રવેશ રોકવામાં ટીટીઈ તથા પોલીસ સ્ટાફ બેદરકાર રહ્યો હતો અને એટલે સામાન ચોરાયાની દલીલ કરી હતી. સામાન ચેઈનથી બાંધીને પુરતી તકેદારી રાખી હોવા છતાં ચોરી થઈ હતી તે માટે રેલવેની બેદરકારી જવાબદાર છે.

રાષ્ટ્રીક ગ્રાહક પંચે ચુકાદામાં કહ્યું કે, મુસાફરના સામાનની ચોરી માટે રેલવે જવાબદાર છે.રેલવે સ્ટાફ પ્રવાસીને સેવા આપવામાં નિષ્ફળ રહ્યું છે.રિઝવર્ડ કોચમાં કિંમતી સામાન સાથે પ્રવાસ કરતાં મુસાફરો તથા તેના



સામાનની કાળજી રાખવાની રેલવેની ફરજ બને છે.

રેલવે કાયદાની કલમ ૧૦૦ હેઠળ રેલવે મારફત સામાનનું બુકીંગ કરાવીને રીસીપ્ટ લેવામાં આવી ન હોય તો તેની ચોરી, નુકશાન, કે નષ્ટ થવા માટે જવાબદારી ન હોવાની રેલવેની દલીલ ગ્રાહક કોર્ટે ફગાવી દીધી હતી. ફરીયાદીને માનસીક પીડા પેટે પણ રૂા.૨૦,૦૦૦ આપવા આદેશ કર્યો હતો.

# ધોરાજીના સ્મશાનમાં તાંત્રિક વિધિ કરનાર શખ્સનો વીડિયો વાઈરલ થતા નવા કાયદા મુજબ પ્રથમ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરાઈ

**મુખ્ય સમાચાર, ધોરાજી**

ધોરાજી શહેરના નગરપાલિકા સંચાલિત સ્મશાનમાં તાંત્રિક વિધિ કરતો હોય અને સ્મશાનમાં રહેલા અગ્નિદાહના ખાટલા પર બેસી એક યુવક ધુણતો હોય તેવો વીડિયો છેલ્લા કેટલાક દિવસોથી વાયરલ થયો હતો. જેમાં આ વીડિયો વાયરલ થયા બાદ લોકોમાં ભારે ભય અને તાંત્રિક વિધિને લઈને ચિંતાનો માહોલ જોવા મળ્યો હતો, ત્યારે આ વાયરલ વીડિયો ધ્યાને આવતા ધોરાજી સિટી પોલીસ સ્ટેશનના પી.આઈ આર જે ગૌતમ તેમજ સ્ટાફ દ્વારા સોશિયલ મીડિયામાં વાયરલ થઈ રહેલા આ વીડિયોને ધ્યાને લઈ યુવકની શોધખોળ અને આ મામલે તપાસ શરૂ કરી યુવકને ઝડપી લીધો હોવાનું સામે આવ્યું છે.

યુવક ધોરાજીનો હોવાનું આવ્યું સામેઃ છેલ્લા ચાર પાંચ દિવસથી આ વીડિયો સોશિયલ મીડિયાની અંદર વાયરલ થઈ રહ્યો હતો. જેમાં યુવક સ્મશાનના ખાટલા પાસે વિધિ કરતો હોય તેવો વીડિયો હતો અને આ સાથે જ સ્મશાનમાં લોકોને જે ખાટલા પર અગ્નિદાહ દેવામાં આવે છે. તે ખાટલા પર બેસી ધૂણી રહ્યો હોવાનો વીડિયો છેલ્લા ઘણા દિવસોથી વાયરલ થતા આસપાસના પંથકમાં તેમજ ધોરાજી શહેરમાં ભારે ભાઈનો માહોલ ફેલાયો હતો. જેને લઈ ધોરાજી પોલીસે ટેકનિકલ સ્ટોર તેમજ તપાસના ધમધમાટ શરૂ કરી યુવક જે વીડિયોમાં દેખાતો હતો તે અશ્વિન ગોપાલભાઈ મકવાણા નામનો ધોરાજી શહેરમાં રહેતો યુવક હોવાનું માલુમ પડ્યું હતું. જે બાદ ધોરાજી સિટી પોલીસે આ યુવકની અટકાયત કરી તેમની સામે ધોરણ સરની કાર્યવાહી હાથ ધરી છે. ત્યારે આ સાથે જ પોલીસ દ્વારા જણાવવામાં આવ્યું છે કે, ભારતીય બંધારણની મૂળભૂત ફરજોમાં ઉલ્લેખિત કલમ ૫૧ (ક) મુજબ તમામ નાગરિકોએ વૈજ્ઞાનિક માનસ, માનવતા વાદ અને જિજ્ઞાસા તથા સુધારણાની ભાવના કેળવવી અને અંધશ્રદ્ધાથી દૂર રહેવું જોઈએ તેવું જણાવ્યું છે.

થોડા દિવસથી એક વીડિયો વાયરલ થયેલો છે, જેમાં કોઈ અજાણ્યો યુવાન સોનાપુરી સ્મશાન ગૃહમાં આવેલા લોખંડના ખાટલામાં જયાં મૃતદેહની અંતિમ સંસ્કાર કરવામાં આવતા હોય ત્યા તાંત્રિક વિધિ કરવામા આવેલી હોય તેવો વીડિયો વાયરલ થયેલ હતો. આ તાંત્રિક વિધિ કરતા વીડિયોએ ધોરાજીમા ચકચાર મચાવી હતી. ત્યારે ધોરાજી શહેરમા લોકોની ધાર્મિક લાગણીઓ દુભાઈ હતી અને લોકોમાં રોષ વધ્યો હતો અને સાથે ભય પણ જોવા મળેલ હતો.



આ કામગીરીમાં ધોરાજી સીટી પોલીસ સ્ટેશનના પી.આઈ. આર.જે. ગોધમ, પી.એસ.આઈ. પી.કે. ગોહિલ, એ.એસ.આઈ. એમ.આર. રાફડ, હેડ કોન્સ. અશોકભાઈ ગોહેલ, ભાવેશભાઈ મકવાણા, કોન્સ. યોગેશભાઈ બાલાસરા, શકિતસિંહ જાડેજા સહિતનાઓ દ્વારા આ સમગ્ર કામગીરી હાથ ધરવામાં આવી હતી. ત્યારે આ બાબતે પોલીસે THE GUJARAT PREVENTION AND ERADICATION OF HUMAN SAERIFICE AND OTHER INHUMAN, EVIL AND AGHORI PRACTICES AND BLACK MAGIC ACT, ૨૦૨૪ મુજબ કાર્યવાહી હાથ ધરી હતી.

# જામનગરમાં વધુ એક ઘરફોડ ચોરીનો ભેદ ઉકેલાયો



જામનગર શહેરમાં ઘરફોડ ચોરીના બનાવોમાં વધારો થયો હોવાની ફરિયાદો વચ્ચે જામનગર સિટી બી. ડીવીઝન પોલીસે સફળતા હાંસલ કરી છે. પોલીસે તાજેતરમાં ઘરફોડ ચોરીના ગુનામાં એક આરોપીને ઝડપી પાડ્યો હતો, અને તેની સઘન પૂછપરછ કરતાં વધુ એક ઘરફોડ ચોરીનો ભેદ ઉકેલ્યો છે. આરોપી પાસેથી પોલીસે ૩.૧૪ લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે.જામનગર સિટી બી. ડીવીઝન પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા એક ઘરફોડ ચોરીના ગુનામાં આરોપી કરણસિંહ ચૌહાણની ધરપકડ કરવામાં આવી હતી. આરોપીની પૂછપરછ દરમિયાન તેણે જામનગરમાં બીજી એક ઘરફોડ ચોરી કરવાની કબૂલાત કરી હતી. આ આધારે પોલીસે આરોપી પાસેથી ૫૩ ગ્રામ સોનાના દાગીના અને ૫૦,૦૦૦ રૂપિયાની રોકડ રકમ કબજે કરી હતી.

# જામનગર નાગનાથ ગેઈટ પાસે હિટ એન્ડ રનની ઘટનામાં વૃદ્ધાનું મોત

જામનગર શહેરમાં નાગનાથ ગેઈટ ચોકડી પાસે વધુ એક હિટ એન્ડ રન ની દર્દનાક ઘટના બની હતી, જેમાં એક વૃદ્ધાનું મોત થયું હતું.પ્રાપ્ત માહિતી અનુસાર, વૃદ્ધા રસ્તો ક્રોસ કરી રહી હતી ત્યારે એક ટ્રક ચાલકે તેમને ટક્કર મારી હતી. આ અકસ્માત એટલો જોરદાર હતો કે ઘટનાસ્થળે જ વૃદ્ધાનું મોત થયું હતું. મૃતક વૃદ્ધાની ઓળખ ગોદાવરીબેન મોહનલાલ મઢવી (ઉંમર ૭૦) તરીકે થઈ છે. તેઓ નાગમતી ભવન, સી. ૩૦૬, પટેલ સમાજ લાલવાડીમાં રહેતા હતા.આ ઘટનાની જાણ થતાં સ્થાનિક પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી અને ટ્રક ચાલકની ધરપકડ કરી હતી. પોલીસે જી જે ૧૦ ટીટી ૮૪૭૮ નંબરનો ટ્રક કબજે કરી લીધો છે, અને આ મામલે વધુ તપાસ હાથ ધરી છે. આ ઘટનાથી વિસ્તારમાં શોકનું મોજું ફરી વળ્યું છે. વૃદ્ધાના અણધાર્યા અંતને લઈને લોકોમાં રોષની લાગણી જોવા મળી રહી છે.

# જામનગર જિલ્લા કલેક્ટર ભાવિન પંડ્યા દ્વારા એક આઈસીયુ ઓન વ્હીલ્સ તથા ત્રણ ૧૦૮ એમ્બ્યુલન્સ લોકાર્પિત કરાઈ



જામનગર, કલેકટર કચેરી ખાતે જિલ્લા કલેકટર ભાવિન પંડ્યા તથા અધિક કલેક્ટર ભાવેશ ખેરના હસ્તે જામનગર જિલ્લામાં ગુજરાત સરકાર દ્વારા ફાળવવામાં આવેલ નવી આઈસીયુ ઓન વ્હીલ્સ એમ્બ્યુલ્સનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.સાથે જ આધુનિક સુવિધાઓથી સજ્જ નવી ત્રણ ૧૦૮ એમ્બ્યુલન્સ પણ લોકાર્પિત કરાઈ હતી.જે જામનગર જિલ્લાની ત્રણ જૂની ૧૦૮ એમ્બ્યુલન્સની સામે ફેરબદલ કરવામાં આવશે. આ પ્રસંગે કલેક્ટરએ એમ્બ્યુલન્સની વિશેષતાઓ તથા દર્દીઓ માટે ઉપલબ્ધ કારવાયેલ નવીન સુવિધાઓ અંગેની ૧૦૮ ના ઉપસ્થિત અધિકારીઓ પાસેથી વિગતો મેળવી હતી તેમજ લીલી ઝંડી બતાવી આ તમામ એમ્બ્યુલન્સનું પ્રસ્થાન કરાવ્યું હતું.આ પ્રસંગે જામનગર જિલ્લાના ૧૦૮ એમ્બ્યુલન્સના પ્રોગ્રામ મેનેજર મનવીર ડાંગર તથા જિલ્લા સુપરાઈઝર જયદેવસિંહ જાડેજા તથા ૧૦૮ ના અન્ય કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# વાંકાનેરના માટેલ નજીક પૈસાની લેતીદેતી મામલે પાવડાના હાથા વડે યુવાનની કરપીણ હત્યા નિપજાવનાર હત્યારો ઝબ્બે

## સનપાર્ક ફેક્ટરીના લેબર ક્વાર્ટરમાં બે શ્રમિકો વચ્ચે થયેલ મારામારી હત્યામાં પરિણમી



**મુખ્ય સમાચાર,મોરબી**

વાંકાનેર તાલુકા પોલીસ મથકમાં નોંધાયેલ હત્યાના ગુનાના આરોપીને ગણતરીની કલાકોમાં ઝડપી લઈ સબજેલ હવાલે કરવામાં આવ્યો છે, જેમાં વાંકાનેર તાલુકાના માટેલ ગામ નજીક આવેલ સનપાર્ક સીરામીકના લેબર ક્વાર્ટરમાં પૈસાની લેતી દેતી મામલે બોલાચાલી બાદ મારમારીમાં પાવડાના હાથા વડે કપાળ અને ચહેરા ઉપર અસંખ્ય ઘા મારી એક શ્રમિક યુવકની કરપીણ હત્યા નિપજાવી હત્યારો યુવક નાસી ગયો હોય જેને વાંકાનેર તાલુકા પોલીસે ગણતરીની કલાકોમાં પકડી લઈ ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે. હત્યાના બનાવની ટુક વિગત મુજબ વાંકાનેર તાલુકાના માટેલ ગામ નજીક સનપાર્ક કારખાનાની લેબર કોલોનીના ક્વાર્ટરમાં રહેતા મૂળ ઉત્તરપ્રદેશના બાલાબેહટ ગામના રાનુ ઉર્ફે પ્રવીણ રાજકુમાર જોષી તથા સંદીપ રાજેશભાઈ જોષી મૂળરહે.બાલાબેહટ(યુપી) જેમાં સંદીપ રાજેશભાઈ જોષી આરોપી રાનુ ઉર્ફે પ્રવીણ રાજકુમાર જોષી પાસે ખર્ચાના પૈસા માંગતા આરોપીએ પોતાની પાસે પૈસા નથી તેમ ના પાડતા જે રૂપીયાની લેતીદેતી બાબતે બન્ને વચ્ચે ઝઘડો મારામારી થતા આરોપીએ સંદીપ રાજેશભાઈ જોષીને હાથપગ વડે મારા મારી કરી પાડી દઈ પાવડાનો હાથો લઈ સંદીપ રાજેશભાઈને મોઢા તથા કપાળ ઉપર ઘણા બધા ઘા મારી મોત નિપજાવી સ્થળ ઉપરથી નાસી ગયો હતો,

ત્યારે ઉપરોક્ત હત્યાના બનાવ મામલે મૃતક સંદીપ રાજેશભાઈ જોષીના કુટુંબીક ભાઈ રાહુલભાઈ પુરનલાલ જોષીની ફરિયાદના આધારે હત્યાને અંજામ આપનાર આરોપી રેણુ ઉર્ફે પ્રવીણની સામે હત્યા સહિતની કલમ હેઠળ ગુનો નોંધી હત્યારા આરોપીને પકડી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા. તે દરમિયાન વાંકાનેર તાલુકા પોલીસે આરોપી રાનુ ઉર્ફે પ્રવીણ રાજકુમાર જોષી ઉવ.૨૨ રહે.હાલ સનપાર્ક કારખાનાની લેબર કોલોનીમાં, માટેલ મુળરહે.બાલાબેહટ તા.પાલી જી.લલીતપુર ઉત્તરપ્રદેશ વાળાને ગણતરીની કલાકોમાં ઝડપી લઈ નામદાર કોર્ટ હવાલે કર્યા બાદ કોર્ટના આદેશથી આરોપીને મોરબી સબજેલ હવાલે સોંપી આપવામાં આવેલ છે.

# મોરબીના ઉંચી માંડલ ગામે ફેક્ટરીના લેબર ક્વાર્ટરમાં પહેલા માળેથી અકસ્માતે નીચે પટકાયેલ યુવકનું મોત

મોરબી તાલુકાના ઉંચી માંડલ ગામે આવેલ ઓરીંડા સીરામીક ફેક્ટરીના લેબર ક્વાર્ટરના પહેલા મકેથી નીચે પટકાયેલ જગદીશસીંગ છત્રુગનસીંગ ઉવ.૨૪ રહે. ઓરીંડા સીરામીક લેબર ક્વાર્ટરવાળાનું ગંભીર ઈજાઓ કારણે મૃત્યુ નીપજ્યું હતું. જેથી મૃતકની ડેડબોડી પીએમ અર્થે મોરબી સરકારી હોસ્પિટલમાં લાવતા હાજર તબીબ દ્વારા પોલીસને જાણ કરતા પોલીસે મૃત્યુના બનાવ અંગે અ. મોતની નોંધ કરી આગળની ઘટિત કાર્યવાહી હાથ ધરી છે.

# મોરબીના સાપર તથા ટીંબડી ગામે બે સ્પા સંચાલકો સામે જાહેરનામા ભંગ બદલ ગુનો નોંધાયો

મોરબી જીલ્લા પોલીસ દ્વારા કલેક્ટરના જાહેરનામા મુજબ પરપ્રાંતિય મકાનમાં ભાડુઆત, સ્પામાં કામ કરતા કર્મચારી, બાંધકામ સાઈટ તથા સીરામીક કારખાનાના શ્રમિકોના આઈડી કાર્ડ તથા સંપૂર્ણ વિગતોનું મોરબી એસ્સુર્ડ એપમાં રજિસ્ટ્રેશન ન કરનારાઓ વિરુદ્ધ ગુનો નોંધવાના ચાલતા અભિયાન અંતર્ગત તાલુકાના ટીંબડી અને સાપર ગામે આવેલ બે અલગ અલગ સ્પા પાર્લરમાં તપાસ હાથ ધરતા સ્પામાં કામ કરતી મહિલા કર્મચારીઓના આઈડી તથા કર્મચારીની વિગતો મોરબી એસ્સુર્ડમાં અપલોડ ન કરનાર બંને સ્પા-સંચાલકો સામે જાહેરનામાના ભંગ બદલ ગુનો નોંધવામાં આવ્યો છે. જેમાં સાપર ગામે પાવડીયારી કેનાલ બાજુમાં આવેલ કોમ્પ્લેક્ષના બીજા માળે આવેલ ડ્રીમ્સ સ્પા મસાજ પાર્લરના સંચાલક પાર્થભાઈ અશ્વીનભાઈ મોરી ઉવ.૨૧ રહે.મોરબી વાવડી રોડ રોયલપાર્કવાળાએ ડ્રીમ્સ સ્પા મસાજ પાર્લરમાં તેમજ ટીંબડી ગામે ઓરબીટ-૨ કોમ્પ્લેક્ષના બીજા માળે આવેલ સિસો થાઈ સ્પા મસાજ પાર્લરના સંચાલક મૂળ ત્રિપુરા રાજ્યનો વતની હાલ સિસો થાઈ સ્પા મસાજ પાર્લરમાં રહેતો બ્રીકલીન્ટન ગંગાપ્રાસાદ રિયાંગ ઉવ.30 ઉપરોક્ત બંને સ્પા સંચાલકોએ સ્પા મસાજ પાર્લરમાં પરપ્રાંતિય મહિલા વર્કરને કામ ઉપર રાખી તેની વિગતો મોરબી એસ્સુર્ડ એપ્પમાં અપલોડ ન કરી હોય તેમજ તેના જરૂરી આઈડી પુરાવા સાથે નજીકના પોલીસ મથકમાં કે સ્થાનિક કચેરીમાં વિગતો રાજુ ન કરેલ હોય જેથી બંને વિરુદ્ધ કલેકટરના જાહેરનામાના ભંગનો ગુનો દાખલ કરી બંનેની અટકાયત કરવામાં આવી છે.

# વાંકાનેરમાં સેવા સેતુના કાર્યક્રમ અંતર્ગત ૯૯૦ લોકોએ ૪૦ જેટલી સેવાઓનો લાભ લીધો

## અરજદારોની આધારકાર્ડ, રેશનકાર્ડ સહિતની સેવાઓ માટેની અરજીઓનો સ્થળ પર જ હકારાત્મક નિકાલ કરાયો




**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબી જીલ્લામાં ગત ૧૫ ઓક્ટો.ના રોજ વાંકાનેરમાં રામકૃષ્ણનગર પ્રાથમિક શાળા ખાતે વાંકાનેર નગરપાલિકા કક્ષાના સેવાસેતુ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમને સારો એવો પ્રતિસાદ મળ્યો હતો. જ્યાં વાંકાનેર શહેરી વિસ્તારના ૯૯૦ લોકોએ સેવાસેતુનો લાભ લીધો હતો.

સેવા સેતુ થકી વહીવટી તંત્રની જરૂરી સેવાઓ લોકોના ઘર સુધી પહોંચે અને વધુને વધુ સેવાઓનો લોકો બહોળા પ્રમાણમાં લાભ લે તે ઉદ્દેશ્ય સાથે સરકાર દ્વારા સેવા સેતુ કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો છે. ત્યારે મોરબી જીલ્લામાં વાંકાનેર નગરપાલિકા કક્ષાએ યોજાયેલા કાર્યક્રમમાં બહોળી સંખ્યામાં લોકોએ ૪૦ જેટલી વિવિધ સેવાઓનો લાભ લીધો હતો.વહીવટી તંત્રના જીલ્લા તેમજ તાલુકા કક્ષાના અધિકારીઓની ઉપસ્થિતિમાં વહીવટી તંત્રના વિવિધ વિભાગના સ્ટોલ રાખવામાં આવ્યા હતા. જ્યાં અરજદારો દ્વારા રાશન કાર્ડ ઈકેવાયસીની સેવા માટે ૨૬૭, કેશલેસ લિટરેસી માટે ૧૫૮, હેલ્થ વેલનેસ કાર્ડની સેવા માટે ૧૦૩, આધારકાર્ડમાં સુધારા માટેની સેવા ૮૨, રાશનકાર્ડમાં નામ કમી કરવા માટે ૪૩, આવક ના દાખલા માટે ૩૯, રાશન કાર્ડમાં સુધારા માટે ૩૮, રાશનકાર્ડમાં નામ દાખલ કરવા માટે ૩૨, પીએમજે માં અરજી માટે ૩૨, રાષ્ટ્રીય વૃદ્ધ પેન્શન યોજના માટે ૧૮, વ્યવસાય વેરા માટે ૧૭, પ્રધાનમંત્રી સુરક્ષા વીમા યોજના માટે ૧૫, નવું બેન્ક એકાઉન્ટ ખોલવા માટે ૧૪, નિરાધાર વૃદ્ધ અને દિવ્યાંગોને આર્થિક સહાય યોજના માટે ૧૩, દિવ્યાંગ બસ સ્ટેશન પાસ માટે ૧૦, પ્રધાનમંત્રી જીવન જ્યોતિ યોજના માટે ૧૦, આધાર કાર્ડના બેન્ક એકાઉન્ટ સાથે જોડાણ માટે ૧૦, મોબાઈલ નંબર સાથે બેન્ક એકાઉન્ટના જોડાણ માટે ૧૦, જન ધન યોજના અન્વયે બેન્ક એકાઉન્ટ ખોલવા માટે ૧૦, વિધવા સહાય માટે ૯, જન્મ મરણ પ્રમાણપત્ર માટે ૭, કુવરબાઈનુ મામેરુ સહાય યોજના માટે ૬ એમ કુલ ૯૯૦ લોકોએ સેવા સેતુ હેઠળ વિવિધ ૪૦ જેટલી સેવાઓનો લાભ લીધો હતો. વહીવટી તંત્ર દ્વારા ઝડપી સેવા પૂરી પાડવાના ઉદ્દેશ્ય સાથે તમામ ૯૯૦ અરજીઓનો ત્વરિત હકારાત્મક નિકાલ કરવામાં આવ્યો હતો.

# મોરબીમાં ૧૯૬૨ કરુણા હેલ્પલાઈન એમ્બ્યુલન્સે ૭ વર્ષમાં ૧૩૮૨૧ પશુઓને નવજીવન આપ્યું



**મુખ્ય સમાચાર,મોરબી**

તાજેતરમાં મોરબી જીલ્લામાં ૧૯૬૨- કરુણા હેલ્પલાઈન એમ્બ્યુલન્સે તેમની સેવાના ૭ વર્ષ પૂર્ણ કર્યા છે. અત્યાર સુધીમાં મોરબી જીલ્લામાં ૧૩૮૨૧ મુંગા જીવોને નવજીવન આપવામાં આવ્યું છે.

મોરબી જીલ્લામાં બિનવારસુ, દિવ્યાંગ, નબળા પશુઓની મદદ માટે ૧૯૬૨ કરુણા હેલ્પલાઈન નિઃશુલ્ક કાર્યરત છે. છેલ્લા ૨ વર્ષમાં ૪૮૨૦ શ્વાન, ૧૩૫૦ ગાય, ૫૨૬ બિલાડી, ૧૮૫ કબૂતર, ચકલી, પોપટ, બકરા, કાગડા, સસલાં, ઊંટ વગેરે મળીને કુલ ૮૫૪૬ પશુ- પંખીઓની નિઃશુલ્ક સારવાર કરવામાં આવી છે.

કરુણા એમ્બ્યુલન્સ ટીમ તાલીમબદ્ધ કર્મચારીઓ, દવા, સાધનો અને લેબોરેટરીની સુવિધા સાથે સંપન્ન છે. આ ટીમમાં ૧ વેટરનરી ઓફિસર અને ૧ પાયલોટ હાજર રહે છે. જ્યાં પણ બિનવારસુ મુંગા જીવોને જરૂર હોય કે ઘાયલ હોય ત્યાં આ હેલ્પલાઈન નંબર પર સંપર્ક કરવાથી તાત્કાલિક મદદ મળી શકે છે. તેમજ જો જરૂર જણાય તો સ્થળ પર જ પશુની તાત્કાલિક સર્જરી કરવામાં આવે છે. આ નિઃશુલ્ક સેવાનો તમામ મોરબીવાસીઓને લાભ મેળવવા માટે પ્રોજેક્ટ કો-ઓર્ડીનેટર જૈમિન પાટિલ, મોરબી દ્વારા ખાસ અનુરોધ કરવામાં આવ્યો છે.

# જામનગરમાં ઈન્ડીયન રેડ ક્રોસ સોસાયટી શાખાને રાજયપાલ હસ્તે એવોર્ડ એનાયત કરાયો




જામનગર, ઈન્ડીયન રેડ ક્રોસ સોસાયટી જામનગર શાખા દાયકાઓથી વિવિધ સેવાકીય પ્રવૃત્તિમાં કાર્યરત છે, ભૂકંપ, વાવાઝોડા, કોરોના કાળ દરમિયાન અનેક મહત્વની સેવાકીય પ્રવૃત્તિ હાથ ધરેલ. આ કામગીરી અંતર્ગત, વર્ષ ૨૦૨૩-૨૪ દરમિયાન ઈન્ડીયન રેડ ક્રોસ સોસાયટી જામનગર શાખા દ્વારા અદ્યતન ફિઝિયો થેરેપી સેન્ટર, ડેન્ટલ કેર ક્લિનિક, જનરિક મેડીસિન સ્ટોર શરૂકરવામાં આવેલ. ગુજરાત રાજ્યની તમામ જિલ્લા તાલુકા સ્તરે ઈન્ડીયન રેડ ક્રોસ સોસાયટી જામનગર શાખા દ્વારા આ મુદ્દે શ્રેષ્ટ સેવાકીય કામગીરી કરવામાં આવેલ, જે અંતર્ગત ગુજરાત રાજ્ય ના રાજ્યપાલ આચાર્ય દેવવ્રત જી દ્વારા, રાજભવન ગાંધીનગર ખાતે ઈન્ડીયન રેડ ક્રોસ સોસાયટી, જામનગર શાખા ને એવોર્ડ એનાયત કરવામાં આવેલ.ઈન્ડીયન રેડ ક્રોસ સોસાયટી જામનગર શાખા ના ચેરમેન બિપીનભાઈ ઝવેરી, વાઈસ ચેરમેન ડો અવિનાશભાઈ ભટ્ટ, ટ્રેઝરર હરેન્દ્રભાઈ ભાડલાવાળા સહિત એક્ઝિક્યુટિવ કમિટી મેમ્બર ની પ્રેરણા, અને સફળ પ્રયાસો થી શાખા ને આ અવસર મળ્યો. જેમાં વિશેષ થી ડો વિહારી છાંટબાર, ધર્મેન્દ્રસિંહ જાડેજા, પ્રફુલભાઈ કનખરા, નિતિન પરમાર, ભાર્ગવ ઠાકર, દીપાબેન સોની જહેમત ઉઠાવેલ.ગાંધીનગર, રાજભવન ખાતે યોજાયેલ આ સમારોહમાં રાજ્યપાલ આચાર્ય દેવવ્રત જી, ગુજરાત સ્ટેટ પ્રેસીડન્ટ, ઈન્ડીયન રેડ ક્રોસ સોસાયટી અજયભાઈ પટેલ દ્વારા શાખાનાં વાઈસ પ્રેસિડેન્ટ ડો અવિનાશભાઈ ભટ્ટ, એક્ઝિક્યુટિવ કમિટી મેમ્બર નીતિન પરમાર, ભાર્ગવ ઠાકરની ઉપસ્થિતિ માં આ એવોર્ડ એનાયત કરવામાં આવેલ. સૌ હોદેદારો, આજીવન સભ્યો દ્વારા શાખાની કામગીરી તથા એવોર્ડ પ્રાપ્તિની સફળતાને આવકારવામાં આવેલ. ઈન્ડીયન રેડ ક્રોસ સોસાયટી, એક્ઝિક્યુટિવ કમિટી મેમ્બર ભાર્ગવ ઠાકર દ્વારા જણાવાયું હતું.

# સોમનાથમાં ડિમોલીશન કાયદા મુજબ જ થયુ હતું : સુપ્રિમમાં સરકારનો જવાબ

## સરકારી જમીન પર ધાર્મિક દબાણો સામે બુલડોઝર એકશન સહિતના નિયમો કાયદેસર લેવાયા

**મુખ્ય સમાચાર,રાજકોટ**

તાજેતરમાં ગુજરાતમાં ગીર સોમનાથમાં સોમનાથ મંદિર પાસે વહીવટી તંત્રે મોટા બુલડોઝર એકશન લીધા હતા.આ દરમ્યાન વહીવટી તંત્રે મંદિર પાસે દરગાહ અને અનેક ધાર્મિક બાંધકામોને પણ તોડી પાડયા હતા.

વહીવટી તંત્રે આ ડિમોલીશન અભિયાન માટે ૫૮ જેટલા બુલડોઝર લગાવ્યા હતા. વિસ્તારમાં આટલા પ્રમાણમાં બુલડોઝર એકશન કેમ લેવામાં આવ્યા તેવો પ્રશ્ન સુપ્રિમ કોર્ટે પૂછતા ગુજરાત સરકારે સુપ્રિમ કોર્ટમાં પોતાનો પક્ષ રાખ્યો છે.

સુપ્રિમ કોર્ટમાં રજુ કરેલા સોગંદનામામાં ગુજરાત સરકાર તરફથી કહેવામાં આવ્યું છે કે દબાણની સામે લેવામાં આવેલ બુલડોઝર એકશનમાં બધા નિયમોનું અને પ્રક્રિયાઓનું પાલન કરવામાં આવ્યુ છે. ગુજરાત સરકારે સુપ્રિમ કોર્ટને જણાવ્યું હતું કે મંદિર પાસે જે જે દબાણો હટાવાયા છે તે જમીન અરબ સાગરના તટ પર આવેલી સરકારી જમીન છે. ગુજરાત સરકારે જણાવ્યું હતું કે સોમનાથ મંદિર પાસે દબાણ વિરૂદ્ધ જે અભિયાન ચલાવવામાં આવ્યું તે મહેસુલ અધિકારીઓ દ્વારા ચલાવવામાં આવતા અભિયાનનો જ એક ભાગ છે.ગુજરાત સરકારનું માનવુ છે કે તેણે અરબ સાગરના કિનારે આવેલ સરકારી જમીનને દબાણ મુકત કરવા માટે અભિયાન ચલાવ્યુ હતું. ઉલ્લેખનીય છે કે આ મામલામાં એક મુસ્લીમ સંગઠન તરફથી સુપ્રિમ કોર્ટમાં અરજી દાખલ કરવામાં આવી હતીઅરજીમાં ગુજરાત સરકારનાં એ અધિકારીઓ પર કાર્યવાહી કરવાની માંગ કરાઈ હતી. જેમણે દરગાહ સહિત અનેક



ધાર્મિક બાંધકામો પર બુલડોઝર કાર્યવાહી કરવામાં આવી હતી.આ મામલે પોતાનુ સોગંદનામુ દાખલ કરતાં ગુજરાત સરકારે સુપ્રિમ કોર્ટને વધુમાં જણાવ્યું હતું કે અરબ સાગરના તટ પર આવેલ સરકારી જમીનને કબજા અને દબાણથી હટાવવા માટે બુલડોઝર ચલાવાયું હતું. સરકારે જણાવ્યું હતું કે આ દબાણ સામે સતત ચલાવવામાં આવતા અભિયાનનો જ એક ભાગ છે.ગુજરાત સરકારે મુસ્લીમ સંગઠન દ્વારા દાખલ કરાયેલી દલીલનો વિરોધ કરાયો છે. ગુજરાત સરકારનું કહેવુ છે કે સરકારી જમીનને દબાણ મુક્ત કરવા માટે નિયમો અને પ્રક્રિયાઓનું પુરેપુરૂ પાલન કરીને કાર્યવાહી કરવામાં આવી હતી.

ગુજરાત સરકારે સંગઠન પર આરોપ લગાવ્યો છે કે તેમણે મામલાને સાંપ્રદાયીક રંગ દેવાની કોશીશ કરી છે.જયારે સચ્ચાઈ કંઈક બીજી જ છે.

# મોરબીમાં વિકાસ સપ્તાહના અંતિમ દિવસે રંગારંગ સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો

## નરેન્દ્રભાઈ મોદી દ્વારા સ્વ-રચિત સ્તુતિ ગીત પઆવતી કળાએથ ઉપર બાળાઓએ સુંદર રાસ રજૂ કર્યો

**મુખ્ય સમાચાર,મોરબી**

દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના સક્ષમ અને સુશાસનના ૨૩ વર્ષ તાજેતરમાં પૂર્ણ થયા છે જેની સમગ્ર રાજ્યમાં ભારે ઉલ્લાસ અને આનંદ સાથે ઉજવણી કરવામાં આવી હતી. મોરબી જીલ્લામાં વિકાસ સપ્તાહની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી જેના ભાગરૂપે જીલ્લા વહીવટી તંત્ર અને જીલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરીના સંયુક્ત ઉપક્રમે મોરબીમાં સ્વામિનારાયણ ગુરુકુળ ખાતે રંગારંગ સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો હતો

આ સાંસ્કૃતિક કાર્યક્રમમાં જાણીતા લોક ગાયક દેવેન વ્યાસ અને તેમની ટીમ દ્વારા કસુંબીનો રંગ, મેરે ઘર રામ આયેંગે, કોઈનો લાડકવાયો, દ્વારિકાનો નાથ, રંગતાળી રે, ભારત કા બચ્ચા બચ્ચા, ગિરિધારી રે, અમે મહિયારા રે વગેરે જાણીતા ગુજરાતી લોકગીતો અને સુગમ સંગીત રજૂ કરવામાં આવ્યું હતું ઢોલ નગારાના તાલે બાળકો ઝૂમી ઉઠયા હતા. ઉલ્લેખનીય છે કે, આપણા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા સ્વ-રચિત માતાજીનું સ્તુતિ ગીત આવતી કળાય રે ઈન્ટરનેટ પર વાયરલ બન્યું છે આ ગીત પર બાળાઓએ સુંદર રાસ રજૂ કર્યો હતો.

આ કાર્યક્રમમાં ધારાસભ્ય દુર્લભજીભાઈ દેથરીયા, જીલ્લા કલેકટર કે,બી.ઝવેરી, જીલ્લા વિકાસ અધિકારી જે.એસ.પ્રજાપતિ, પ્રાંત અધિકારી સુશીલ પરમાર, જીલ્લા પુરવઠા અધિકારી સંદીપ વર્મા, ડેપ્યુટી કલેકટર સુબોધકુમાર દુદખીયા મોરબી નગરપાલિકાના ચીફ ઓફિસર



કુલદીપસિંહ વાળા, જીલ્લા યુવા વિકાસ અધિકારી હીરલ વ્યાસ સહિતના અધિકારીગણ, અન્ય કર્મચારીઓ, સંસ્થાના સ્ટાફ મિત્રો લોક કલાકારો અને બહોળી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# સૌરાષ્ટ્રમાં સતત છઠ્ઠા દિવસે ૧ થી ૩ ઈંચ વરસાદ : વિજળી પડતા બેના મોત

## સોરઠ, ભાવનગર, કોટડાસાંગાણી, માધવપુર, બગસરા પંથકમાં ગાજવીજ સાથે વરસાદ પડયો : કમોસમી વરસાદથી ખેડુતોને ભારે નુકસાન : જુનાગઢના ડેમોના દરવાજા ફરી ખોલાયા

**મુખ્ય સમાચાર,રાજકોટ**

સૌરાષ્ટ્રમાં ગઈકાલે સતત છઠ્ઠા દિવસે પણ ગાજવીજ સાથે મેઘસવારી યથાવત રહી હતી અને ૧ થી ૩ ઈંચ વરસાદ સોરઠ, ભાવનગર, કોટડાસાંગાણી, માધવપુર, બગસરા પંથકમાં પડયો હતો. જયારે ભાવનગરનાં દેવળીયા અને વિસાવદરનાં સરસાઈ ગામે વિજળી પડતા બે વ્યકિતનાં મોત થયા હતા.

દશેરાથી જુનાગઢ અને જીલ્લામાં આસો માસમાં અષાઢી વરસાદથી જેમ માવઠારૂપી વરસાદ પડી રહ્યો છે.

ગઈકાલે પણ ભાદરવો જામ્યો હોય. તેમ આસો માસમાં બપોર બાદ રોજબરોજ મેઘરાજા ગાજવીજ સાથે વરસાદ ખાબકી રહ્યો છે. ગઈકાલે પણ જુનાગઢ જિલ્લામાં વધુ એકથી ૩ ઈંચ વરસાદ ત્રાટકતા ખેડુતો ઉપર આફત તુટી પડી છે.

હાલ મગફળી, સોયાબીન, કપાસ, તલ, મગ, અડદ સહિતના પાકો પાકી ચુકયા છે. ઉનાળામાં મગફળી જમીનમાં ઉગી રહી છે બહાર કાઢેલી મગફળીના પાથરા વરસાદી પાણીમાં તળાઈ રહ્યા છે. ચાર ચાર માસ સુધી રાત દીવસ મહેનત કરી હજારોનો ખર્ચ વિઘે ચડાવી મગફળી, બીયારણ, ખાતરનેદ દવા છંટકાવ ચારથી પાંચ વાર કરી નીંદામણ ચાર ચાર વખત કરવામાં આવેલ. સાત સાત વધુ ટ્રેકટરની મજુરી ચડાવી મગફળીને તૈયાર કરી બહાર કાઢવાના સમયે જ આસો માસમાં બારે મેઘ ખાંગા થયા હોય તેમ સતત વરસાદ હવામાન ખાતાએ સતાવાર ચોમાસાની વિદાયની જાહેરાત બાદ પણ મેઘરાજા સતત ચોથા દિવસથી વરસી રહ્યા છે.

બપોર બાદ મેઘતાંડવ સાથે અનરાધાર પડી રહ્યો છે. ગઈકાલે મેંદરડા અને તાલુકામાં ત્રણ ત્રણ ઈંચ, વિસાવદરમાં પણ અઢી ઈંચ વરસાદ તુટી પડયો હતો. જુનાગઢમાં દોઢ, વંથલી, કેશોદ પંથકમાં રોજબરોજ એકથી દોઢ ઈંચ વરસાદ ખાબકી રહ્યો છે. માળીયા, માણાવદર, બાંટવાના વિસ્તારોમાં દરરોજ બપોર બાદ અષાઢી-ભાદરવા માસ જેવો તાલ સર્જાઈ રહ્યો છે. મધુવંતી નદીમાં ઘોડાપુર ગઈકાલે આવતા દરવાજા ખોલવા પડયા હતા. વિસાવદરના ધ્રાફડ ડેમનો એક દરવાજો ૦.૦૩ મીટર આંબાજળ ડેમનો એક દરવાજો ૦.૩૦ મીટર, વંથલીનો સાંબલી ડેમનો એક દરવાજા ૦.૧૦ મીટર ખોલી નાખવામાં આવ્યો છે.

દરમ્યાન ભાવનગર જિલ્લાના દેવળીયા ગામે વિજળી પડતાં મહિલાનું મોત નિપજ્યું હતું. પ્રાપ્ત થતી વિગતો મુજબ ભાવનગર જિલ્લાના તળાજા તાલુકાના દેવળીયા ગામે ખેત મજૂરી કરતા દયાબેન ભીમજીભાઈ મકવાણા ઊં.વ.૫૦ ઉપર વીજળી પડતા તેણીનું કરુણ મોત નિપજ્યું હતું.

આજે ભાવનગર શહેરનું મહત્તમ તાપમાન ૩૫.૭ ડીગ્રી રહ્યું હતું. જ્યારે લઘુતમ તાપમાન ૨૮.૦ ડિગ્રી રહેવા પામ્યું હતું. વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૬૧% રહ્યું હતું જ્યારે પવનની ઝડપ ૧૦ કિ.મી. પ્રતિ કલાકની રહી હતી.

જયારે ગઈકાલે પણ વિસાવદર અને ગ્રામ્ય વિસ્તારોમાં ગાજવીજ સાથે મેઘરાજા ત્રાટકયા હતા. ભારે કડાકા ભડાકા સાથે ગત સાંજે વીજળી આકાશમાંથી નીચે ત્રાટકતા સરસઈ ગામની સીમમાં પરપ્રાંતીય મહિલાનું મોત નોંધાતા અરેરાટી વ્યાપી જવા પામી છે.

આ અંગેની વિગત મુજબ મુળ મધ્યપ્રદેશના બાડવાની જીલ્લાના ગોગવાડાના રહીશ હાલ વિસાવદરના સરસઈ ગામે જયસુખભાઈ દામજીભાઈ ભુવાની વાડીએ કામ કરતા રાહુલભાઈ મદનભાઈ ભંડેરી (આદિવાસી ઉ.વ.૨૪) અને તેમના ભત્રીજી નિશાબેન રાહુલભાઈ મદનભાઈ ભેંડેરી (ઉ.વ.૨)૦ વાડીએ હતા ત્યારે સાંજના ૬.૪૦ના સુમારે કડાકા સાથે વિજળી નિશાબેન ઉપર ત્રાટકતા ઘટના સ્થળે જ મોત નોંધાતા શ્રમજીવી પરિવાર ભાંગી પડયો હતો. વિસાવદર પોલીસે તપાસ હાથ ધરી છે.તથા કોટડાસાંગાણીમાં સવારથી ગરમી નો ઉકરાટ અને સવારથી બપોરના સુમારે તરકો અને ગરમી નો ઉકરાટથી એકાએક સાંજના સુમારે વાતાવરણમાં અચાનક પલ્ટો આવતા સાંજ ના સમયે ૬ વાગ્યાથી વરસાદી વાતાવરણ થયેલ ધોધમાર વરસાદ વરસ્યો હતો અને ૬ થી ૭ વાગ્યા સુધી ડોટ ઈંચ જેટલો વરસાદ પડેલ વીજળી ના કરાકાભરક સાથે ધોધમાર વરસાદ વરસ્યો હતો એક કલાક માં દોઢ ઈંચ વરસાદ નોંધાયો હતો.



# પાંચ દિવસમાં એસટીમાં ૯.૬૦ કરોડની એડવાન્સ ટિકિટ બુક

■ દૈનિક ૭૫ હજારથી વધુ ટિકિટનું થયું હતુ બુકિંગ



**મુખ્ય સમાચાર,રાજકોટ**

દિવાળીમાં આ વર્ષે એસટી બસોના એડવાન્સ ટિકિટ બુકિંગમાં નોંધપાત્ર વધારો જોવા મળી રહ્યો છે. તા.૯ થી ૧૩ ઓક્ટોબરના છેલ્લા પાંચ દિવસમાં જ ૯.૬૦ કરોડની કિંમતની કુલ ૩,૯૭,૨૯૦ ટિકિટો એડવાન્સમાં બુકિંગ થઈ જવા પામી છે. મુસાફરોના મિજાજ જોતા આ વર્ષે દિવાળીના તહેવારમાં અતિભારે ધસારો જોવા મળશે.

હાલ અમદાવાદ ગીતા મંદિર સ્ટેશને રોજની પાંચકે હજાર ટિકિટો કાઉન્ટરો પરથી એડવાન્સ બુક થઈ રહી છે. જેના માટે મુસાફરોના ભારે ધસારા વચ્ચે પડાપડીના દશ્યો જોવા મળી રહ્યા છે. અમદાવાદમાંથી સૌરાષ્ટ્ર તરફ સૌથી વધુ બુકિંગ થયા હોવાનું જાણવા મળે છે. સુરતથી સૌરાષ્ટ્ર તરફ તેમજ અમદાવાદ અને સુરતથી દાહોદ-ગોધરા માટેના બુકિંગ વધારે છે. ગત તા. ૧૩ ઓક્ટોબરે એક જ દિવસમાં ૮૩,૫૭૬ ટિકિટો બુક થઈ હતી. જેના થકી નિગમને ૧.૯૭ કરોડની જંગી આવક થવા પામી હતી.

સામાન્ય દિવસોમાં રોજ ૫૫ હજારથી ૬૦ હજાર ટિકિટોનું એડવાન્સ બુકિંગ થતું હોય છે, પરંતુ હાલમાં રોજની ૭૫ હજારથી વધુ ટિકિટો બુક થઈ રહી છે. ગત તા. ૯ ઓક્ટોબરે ૭૭,૪૦૧ ટિકિટ બુક થઈ હતી. તેવી જ રીતે અનુક્રમે તા. ૧૦ના રોજ ૭૫,૬૩૭ તા. ૧૧ના રોજ ૭૭,૬૦૭ તા. ૧૨ના રોજ ૮૩,૦૬૯ ટિકિટ બુક થઈ હતી. હાલ ઓનલાઈન એપ અને વેબસાઈટ પરથી બુકિંગ કરવા પર એક ટકો ડિસ્કાઉન્ટ મળતું હોય છે. બીજી તરફ સ્ટેશનો પર જઈને કાઉન્ટરો પરથી પણ બુકિંગ કરાવવા માટે મુસાફરોની ભારે ભીડ જોવા મળી રહી છે.

# જંગલેશ્વર અને ઢેબર કોલોની માં ચાલતા દેશી દારૂના હાટડા પર ગુના નિવારણ શાખા ની ટીમ ત્રાટકી



મહેશ ઉર્ફે બગો કાળુભાઈ જુલણીયા



મનસુખભાઈ રણછોડભાઈ મકવાણા

**મુખ્ય સમાચાર રાજકોટ**

શહેરના અલગ અલગ કલમ વિસ્તારોમાં દેશી દારૂના હાટડા પૂરજોશમાં ચાલતા હોવાની હકીકતના આધારે ગુના નિવારણ શાખા ના ઈન્ચાર્જ પીઆઈ એમઆર ગોંડલીયા ની સુચનાથી પીએસઆઈ એમ જે હુંણ તથા પીએસઆઈ પી બી ત્રાજિયા એએસઆઈ મયુરભાઈ તથા સંતોષભાઈ સહિતના સ્ટાફે જંગલેશ્વરમાં આવેલ બુદ્ધનગરમાં ચાલતા દેશી દારૂના હાથડા પર દરોડો પાડી બુટલેગર મહેશ ઉર્ફે બગો કાળુ જુલણીયા ની ધરપકડ કરી હતી જ્યારે અન્ય એક દરોડામાં ટેબલ કોલોની માં આવેલ ઈમામખાનાની સામેની શેરીમાં ગુના નિવારણ શાખા નિધિ મેં કરોડો ઉપાડતા મનસુખ રણછોડ મકવાણા નમના બુટલેગરને દબોચી લઈ ૪૫ લિટર દેશી દારૂ ૬૦૦ હ દેશી દારૂ બનાવવાનો હતો અને દારૂ બનાવવા માટે પઠીના સાધનો મળી કુલ રૂપિયા ૧૦,૪૦૦ નો મુદ્દા માલ કબજે કર્યો હતો.

# વાગુદડનાં મહંતે પચાવી પાડેલ ૧૦ કરોડની ૨ એકર જમીન ખુલ્લી કરાવતા કલેકટરઃ બુલડોઝર ફેરવી દેવાયું

## અગાઉ જેને ત્યાંથી ગાંજાનું વાવેતર પકડાયું હતું : 3 મહિના પહેલા જીએસટી કમિશનરની ગાડીમાં તોડફોડ કરી હતીઃ આશ્રમ-ઓરડી-ખેતીનું દબાણ કરી લીધુ હતું





**મુખ્ય સમાચાર,રાજકોટ**

વાગુદડમાં કિંમતી મનાતી ૧૦ કરોડની સરકારી જમીન ઉપર દબાણ કરનાર મહંત યોગી ધીરેન્દ્રનાથને નોટીસ અપાયા બાદ આજે કલેકટરની સુચના બાદ લોધીકા મામલતદાર અને તેમના સ્ટાફે પોલીસ અને વીજ ટીમને સાથે રાખી આશ્રમ ઉપર બુલડોઝર ફેરવી દઈ અંદાજે ૧૦ કરોડની કિંમતની ૨ એકર જગ્યા ખુલ્લી કરાવી હતી. અને કલેકટરને રીપોર્ટ કરી દિધો છે. આ મહંતે ૨ થી ૩ મહિના પહેલા રાજકોટમાં જીએસટી ના કમિશનરની ગાડીમાં તોડફોડ કરી હતી, આ પછી પોલીસે અટકાયત કરી તેના આશ્રમમાં તપાસ કરતા ગાંજાનું વાવેતર કર્યાનું અને જયાં આશ્રમ ઉભો કરાયો તે જમીન સરકારી હોવાનું ખૂલતા લોધીકા મામલતદારે નોટીસ ફટકારી હતી, અને તે કેસ ચાલી જતા મામલતદાર જગડ, સર્કલ નિખીલ મહેતા અને પોલીસ સ્ટાફ ધસી જઈ, ખેતીનું તથા આશ્રમ ફરતે ઉભી કરાયેલ ઓરડીઓ, ફેન્સીંગ ઉપર બુલડોઝર ફેરવી દઈ સરકારી જમીન ખુલ્લી કરાવી હતી.

# રાજકોટનીટ્રાફિકની સમસ્યા હળવી કરવા સર્કલ તોડવાની કામગીરીનો પ્રારંભ



(તસ્વીરઃ આનંદ જાવિયા)

શહેરમાં મોટા સર્કલો બનાવવામાં આવતા ટ્રાફિકની સમસ્યા ઉદભવી રહી છે જેને લઈ આજે રાજકોટમહાનગરપાલિકા દ્વારા સુરતની એજન્સી પાસેથી અભિપ્રાય મેળવીને મોટા સર્કલો તોડવાની કામગીરી શરૂ કરાઈ છે

આજે સવારેકોટેચા સર્કલથી મોટા સર્કલ તોડવાની કામગીરી શરૂ કરવામાં આવી છેઆગામી દિવસોમાં ૧૫૦ ફૂટ રીંગ રોડ પર આવેલ રૈયા ટેલિફોન એક્સચેન્જ સર્કલ, મોકાજી સર્કલ, નાણાવટી ચોક સર્કલ સહિતના સર્કલ નાના બનાવવામાં આવશે નોંધનીય છે કે શહેરની શોભા વધારવા માટે મહાનગરપાલિકા દ્વારા જુદી જુદી જગ્યાએ મસ મોટા સર્કલ બનાવવામાં આવ્યા હતા. જેમાં લાખો રૂપિયાનું આંધણ કર્યા બાદ ફરી પાછા સર્કલ નાના બનાવવાની તૈયારીઓ આરંભી છે

# લાખાજીરાજ રોડ ઉપર ગેરકાયદેસર પાથરણા બજાર હટાવો અન્યથા પ્રતિક ઉપવાસ પર બેસવાની વેપારીઓની ચીમકી





(તસ્વીરઃ આનંદ જાવિયા)

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટની મુખ્ય બજારના વેપારીઓએ આજે મ્યુનિસિપલ કમિશનરને આવેદનપત્ર આપીને જણાવ્યું હતું કે લગભગ ચાર મહિનાથી રાજકોટ મ્યુ.કમિશ્નર તરીકે નો ચાર્જ સંભાળેલ છે. પરંતુ આપના પહેલાં ના બે કમિશ્નરઓને દબાણ હટાવવા અંગે ઉગ્ર રજુઆતો કરેલ છે. પરંતુ મ્યુ.અધિકારીઓ તેમજ પદાધીકારીઓએ આ ફરીયાદ રજુઆત ધ્યાન ઉપર લેવામાં આવેલ નથી. એ ખરેખર ખુબજ દુખદ છે. છેલ્લા ત્રણ ચાર વર્ષ થી રાજકોટ ની મુખ્ય બજાર એવા લાખાજીરાજ રોડ અને ધર્મેન્દ્રરોડ, ઘીકાંટારોડ, ને તમામ વેપારીઓ આ રોડ ઉપર બેસીને સામાન વેચતા પાથરણા વાળા કે લારીવાળાઓથી પરેશાન છીએ. શોરૂમ કે દુકાન આગળ પાથરણા પાથરી ને રસ્તા ઉપર દબાણ કરીને આવા લોકો જે ખુબજ માથાભારે તત્વો પણ છે. વેપારી કોઈપણ જાતની દલીલ કે પ્રતિકાર કરી શક્તા નથી. વારંવાર મારામારી-ઝગડા પણ થયેલ છે. અને રવીવારે તો જાણે ગુજરીબજાર ભરાયેલ હોય તેમ મોટા પ્રમાણમાં આવા લોકો રોડ ઉપર બેસી જાય છે. આવનાર ગ્રાહકના પાકીટ તેમજ મોબાઈલફોન પણ ખુબ જ મોટી સંખ્યા માં ચોરાઈ જાય છે. રસ્તા ઉપર દબાણ કરીને ફેરીયા બેસતા હોવાથી દુકાનદાર ના ગ્રાહકો કે ટુ વ્હીલર લઈને કે ચાલીને પણ આવી શકીએ તેવી પરિસ્થિતી પણ હવે નથી રહી.

આગામી દિવસોમાં તહેવારો આવતા હોય દુકાનદારો અને શોરૂમ સંચાલકો આ દબાણ થી ખુબજ નારાજ છે માટે વિવિધ એશોસીએશન સાથે મળી આ સમસ્યાનો તાત્કાલીક ઉચીત નિરાકરણ લાવી લાખાજીરાજ રોડ ઉપર કાયમી ધોરણે પોલીસ બંદોબસ્ત મુકવામાં આવે તેમજ ઉપરોક્ત મુખ્ય બજાર વિસ્તાર ને નો ફેરિયા ઝોન જાહેર કરવામાં આવે તેવી ઉગ્ર માગણી કરાય છે.

આ દબાણ સમસ્યાનો જો કાયમી ધોરણે ઉકેલ નહી લાવવામાં આવે તો તમામ મુખ્ય બજાર ના એસોશીએશન સાથે મળી રાજકોટ ના સાંગણવાચોક ખાતે પ્રતિક ઉપવાસ ઉપર બેસીશું તેવો સર્વાનુમતે નિર્ણય કરવામાં આવેલ છે

# મનપાના પુર્વ ટીપીઓ સાગઠીયાની જામીન અરજી કોર્ટે ફગાવી

## અગ્નિકાંડ બાદ સાગઠિયાની ઓફિસ અને રહેણાંકમાંથી અપ્રમાણસર મિલકત મળી આવતા ACBએ કેસ કર્યો’તો

**મુખ્ય સમાચાર,રાજકોટ**

ટીઆરપી ગેમઝોન અગ્નિકાંડના આરોપી ટીપીઓ મનસુખ સાગઠીયા સામે અપ્રમાણસર મિલકતનો ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. જે અપ્રમાણસર મિલકતના કેસમાં જેલ હવાલે રહેલા ટીપીઓ સાગઠિયાએ અગ્નિકાંડ કેસની સાથે સાથે એસીબીના ગુનામાં પણ જામીન મુક્ત થવા અરજી કરી હતી. અગ્નિકાંડ કેસમાં સાગઠિયાની જામીન અરજી રદ થયા બાદ અપ્રમાણસર મિલકતના કેસમાં પણ કોર્ટે પૂર્વ ટીપીઓ સાગઠિયાની જામીન અરજી ફગાવી દીધી છે. રાજકોટના કાલાવડ રોડ ઉપર આવેલા ટીઆરપી ગેમ ઝોનમાં આગ ભભૂકી ઉઠતા ૨૭ લોકો જીવતા ભુંજાયા હતા. જે અગ્નિ કાંડના રાજકોટ સહિત દેશભરમાં ઘેરા પડઘા પડયા હતા. જે અગ્નિકાંડમાં બેદરકાર પોલીસ અધિકારીઓ સહિતનાઓને સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા જયારે મહાનગરપાલિકાના ટીપીઓ મનસુખ સાગઠીયા સહિત ૧૬ વ્યક્તિની સંડોવણી ખુલતા ગુનો દાખલ કરી જેલ હવાલે કરવામાં આવ્યા હતા. પોલીસ તપાસમાં ટીપીઓ મનસુખ સાગઠીયા પાસેથી ૨૬ કરોડની અપ્રમાણસર મિલકત મળી આવી હતી. ત્યાર બાદ ડેપ્યુટી ચીફ ફાયર ઓફિસર ભીખાભાઈ ઠેબા પાસેથી અપ્રમાણસર મિલકત મળી આવતા બંને વિરુદ્ધ અપ્રમાણસર મિલકતનો ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. ટીપીઓ મનસુખ સાગઠીયાએ જેલ મુક્ત થવા અગ્નિકાંડ અને અપ્રમાણસર મિલકતના કેસમાં જુદી જુદી બે જામીન અરજી કરી હતી જેમાં અદાલતે અગ્નિકાંડ કેસમાં આરોપી પૂર્વ ટીપીઓ સાગઠીયાની જામીન અરજી ફગાવી દીધી છે. જ્યારે અપરમાણસર મિલકતના કેસમાં બંને પક્ષ દ્વારા દલીલો કરવામાં આવી હતી. સાગઠિયાના બચાવ પક્ષે રોકાયેલા વકીલ દ્વારા એવી રજુઆત કરવામાં આવી હતી કે સાગઠિયા સામે અપ્રમાણસર મિલકતનો જે ગુનો દાખલ કરવામાં આવ્યો છે. તેમાં માત્ર વર્ષ ૨૦૧૨ થી વર્ષ ૨૦૨૪ સુધીની આવકને ધ્યાને લઈને ગુનો દાખલ કરવામાં આવ્યો છે. છેલ્લા ૧૦ વર્ષ પહેલાંની મિલકતો કે આવકને ધ્યાનમાં લેવામાં આવી નથી તેવી દલીલો કરવામાં આવી હતી. જ્યારે સરકાર પક્ષે સ્પે.પીપી દ્વારા રજુઆત કરવામાં આવી હતી કે પૂર્વ ટીપીઓ સાગઠિયા પાસે અગાઉની મિલકતો હોય તો તેના કોઈ પણ આધાર-પુરાવા સાગઠિયા દ્વારા કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા નથી. બને પક્ષ દ્વારા કરવામાં આવેલી દલીલો અને ઉચ્ચ અડકલતના ચુકાદાઓ ધ્યાને લઈ અદાલતે અપ્રમાણસર મિલકતના કેસમાં પણ પૂર્વ ટીપીઓ મનસુખ સાગઠીયાની જામીન અરજી નામંજૂર કરતો હુકમ કર્યો છે. અગ્નિકાંડ કેસ બાદ અપ્રમાણસર મિલકતના ગુનામાં પણ પૂર્વ ટીપીઓ મનસુખ સાગઠિયાની જામીન અરજી રદ થતા જેલવાસ લંબાયો છે.

આ કેસમાં સાગઠિયાના બચાવ પક્ષે એડવોકેટ જામનગરના એડવોકેટ વી.એચ. કનારા, વી.એસ. ખીમાણીયા અને રાજકોટના ભાર્ગવ બોડા તેમજ સરકાર પક્ષે સ્પે. પીપી સંજયભાઈ કે. વોરા રોકાયા હતા.

# નાના સમઢિયાળા ગામે માધ્યમિક શાળાનું ખાતમુર્હુત અને પ્રાથમિક શાળાનું લોકાર્પણ ધારાસભ્ય કાળુભાઈ રાઠોડના હસ્તે કરાયુ



અહેવાલ :- અબ્દુલ પઠાણ ઉના

ઉના તથા ગીરગઢડા તાલુકાના ધારાસભ્ય કાળુભાઈ રાઠોડ એ ગીરગઢડા તાલુકાના નાના સમઢિયાળા ગામે રૂ.૮૦ લાખના ખર્ચે તૈયાર થયેલ પ્રાથમિક શાળાના ૪ ઓરડાઓનું લોકાર્પણ તેમજ રૂ.૨ કરોડ ૧૬ લાખનાં ખર્ચે તૈયાર થનાર માધ્યમિક શાળાના બિલ્ડિંગનું ખાતમૂહુર્ત આજરોજ ઉનાના માનનીય ધારાસભ્યશ્રી કાળુભાઈ રાઠોડના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું. આ તકે જીલ્લા પંચાયત કારોબારી સમિતિના ચેરમેનશ્રી ડાયાભાઈ જાલોંધરા, ગીર સોમનાથ જીલ્લા ભાજપ ઉપપ્રમુખશ્રી રાજુભાઈ ડાભી, જીલ્લા પંચાયત શિક્ષણ સમિતિના ચેરમેનશ્રી પ્રકાશભાઈ ટાંક, ગીર ગઢડા તાલુકા પંચાયત નાં ઉપપ્રમુખ નાં પ્રતિનિધીશ્રી ભીખાભાઈ કીડેચા, સરપંચશ્રી જયદીપસિંહ ગોહિલ તેમજ આગેવાનો અને શિક્ષકગણ વિદ્યાર્થીગણ ઉપસ્થિત રહ્યા હતા.

# વિરાણી અઘાટમાં કારખાનેદાર સાથે ભાગીદાર અને સેલ્સમેને કરી ઠગાઈ

**મુખ્ય સમાચાર રાજકોટ**

શહેરના અજમેરા શાસ્ત્રી નગર પાછળ નાના મહુવા રોડ પર આવેલ વ્હાઈટ હાઉસ બંગ્લોઝમાં રહેતા અને વિરાણી ઓગટ ઈન્ડસ્ટ્રીઝ એરિયામાં ઈન્ડિયા નામની કંપની ચલાવતા રસિકભાઈ વીરજીભાઈ ખાણદર નામના વેપારીએ તેના પૂર્વ ભાગીદાર જીવરાજ પાર્ક માં આવેલ સત્યજીત સોફા એપાર્ટમેન્ટ માં રહેતા ધવલ વલ્લભ ખાંટ અને ઉમેદ નગરમાં રહેતો હિતેશ હરિ કલોરાણીયા સામે ભક્તિનગર પોલીસમાં ફરિયાદ નોંધાવી છે કે આ પૂર્વ ભાગીદાર ધવલ અને સેલ્સમેન હિતેશે ભાગીદારી પેઢીમાંથી છૂટી થયા બાદ કંપની ની બ્રાન્ડ અને પ્રોડક્ટ નો ઉપયોગ સોશિયલ મીડિયામાં કરી મોબાઈલ નંબર બદલાવી પ્રોડક્ટ નું માર્કેટિંગ કરી છેતરપિંડી કરી હતી તથા કંપનીના બે મોબાઈલ અને બુલેટ સહિત ની વસ્તુ પરત નહીં આપી રૂપિયા ૩.૪૭ લાખ ની ઠગાઈ કર્યાની ફરિયાદ ભક્તિનગર પોલીસમાં નોંધાવતા પીએસઆઈ એ જે લાઠીયા એ ગુનો નોંધી વધુ તપાસ કરી છે

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

